મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૫૫ ટકા

ગાંધીનગર તાપમાન

બોર-શેરડી અને ઉંધિયા માટેના શાકભાજીનું ધૂમ વેચાણ

ઉત્તરાયણની આગલી સાંજે શાકભાજીના ભાવમાં ઘટાડો : દરેક ફરસાણની દુકાનોમાં તથા હોમમેડ ઉંધીયું વેચાશે

ગાંધીનગર, તા.૧૩

આજે મકરસંક્રાંતિ નાના-મોટા દરેક માટે પતંગ ઉડાવી મસ્તી મજાક સાથે ઉંધીયું, જલેબી, લીલવાની કચોરી, બોર, શેરડી, ચીકકી, લાડુ બધું જ આરોગીને તહેવારને માણવાનો દિવસ. આજે શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળશે સાથે શહેરમાં પણ પતંગ દોરી સાથે દરેક ઘરના ધાબા લપેટ... લપેટ... કાપ્યો છે, કાપ્યો છેના અવાજથી ગુંજી ઉઠશે. સાથે ધાબા પર મિત્ર વર્તુળ ભેગા થઈ બોર, તલ સાંકળી અને શેરડી ખાઈ મજા માણતા જોવા મળશે. શહેરમાં આ દિવસને લઈને તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. માર્કેટમાં બોર શેરડી વેચાઈ રહ્યા છે સાથે આજે દરેક ફરસાણની દુકાનોમાં તથા હોમમેડ ઉંધીયું શહેરમાં વેચાશે.

શહેરીજનો આજે ઉત્તરાયણને લઈને ઉત્સાહિત જોવા મળશે. દરેક ઘરમાં ગૃહિણીઓ ઉંધીયું બનાવવામાં વ્યસ્ત જણાશે. શહેરના ધાબા બાળકો અને મોટાઓની કિલકારીઓથી ગૂંજી ઉઠશે. સાથે સાથે પક્ષી પ્રેમીઓ પક્ષીને દોરીથી બચાવવાનો તથા ઘાયલ પક્ષીઓને સાજા કરવાનો પૂરો પ્રયત્ન કરશે. શહેરના બજારોમાં પતંગ દોરી સાથે ઉંધીયું જલેબી, લીલવાની કચોરી, ચીકી, બોર અને શેરડી પણ વેચાશે.

ઉત્તરાયણમાં જો ઉંધીયું ન ખાધું તો શું ખાધું? આજના દિવસે લગભગ શહેરમાં દરેકના ઘરે ઉંધીયું આરોગાશે. સાથે સાથે લીલવાની કચોરી અને જલેબી પણ પીરસાશે ત્યારે શહેરના શાકમાર્કેટમાં ઉત્તરાયણની આગલી સાંજે ભીડ જોવા મળી હતી અને શાકભાજીના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. એક સમયે ૨૦ રૂપિયે ૫૦૦ ગ્રામ વેચાતા શાકભાજી આગલી સાંજે ૧૦ રૂપિયા કે ૨૦ રૂપિયે કિલો એમ વેચાઈ રહ્યા હતા. આ ભાવ ઘટાડાથી ગૃહિણીઓમાં ખુશી જોવા મળી હતી.

શહેરની ઘણી ફરસાણની દુકાનોમાં પણ આજે ઉંધીયું વેચાશે. શહેરમાં તૈયાર ઉંધીયું લગભગ ૨૮૦ થી ૩૦૦ રૂપિયે કિલો, જલેબી ઘીમાં ૫૬૦ રૂપિયે, તેલમાં ૨૮૦ રૂપિયે, લીલવાની કચોરી ૨૫૦ થી ૨૮૦ રૂપિયે કિલો એમ વેચાઈ રહી છે. આજના દિવસે તૈયાર ઊંધીયાની ડીમાન્ડ પણ વધશે. ઉત્તરાયણની આગલી સાંજે માર્કેટમાં બોર-શેરડી પણ વધુ વેચાઈ રહ્યા હતા. આમ શહેરીજનો ઉત્તરાયણના દિવસને ઉજવવા માટે તત્પર જણાયા હતા.

સોમવારે બપોરથી સરકારી કર્મચારીઓએ કામમાં 'ઢીલ' મુકી...!!

ગાંધીનગર, તા.૧૩

સોમવારે ઉત્તરાયણનો આગળનો દિવસ હોવાથી પાટનગરના સચિવાલયો સહિતની સરકારી કચેરીઓમાં રજાનો મુડ જોવા મળી રહ્યો હતો અને રવિવાર અને ઉત્તરાયણની રજા વચ્ચે આવી ગયેલો સોમવાર કર્મચારીઓ માટે માત્ર ઓફિસે હાજરી પુરાવવાની 'ફોર્માલિટી' સમાન બની રહેવા પામ્યો હતો. બપોર પછી મોટાભાગના સરકારી કાર્યાલયોમાં પાંખી હાજરી વર્તાઈ હતી તથા જે કર્મચારીઓ હાજર હતા તેમણે પણ સહ કર્મચારીઓ સાથે ઉત્તરાયણના આયોજનો અંગેની ચર્ચાઓ કરી કામમાં 'ઢીલ' મુકી દીધી હતી.

શહેરના જુના સચિવાલયમાં બપોર પછી મોટાભાગની કચેરીઓમાં કર્મચારીઓ-અધિકારીઓ ઉત્તરાયણ માટે પતંગ દોરી કે અન્ય સામગ્રી ખરીદવા મીના બજાર, એસબીઆઈ બેંકના બેઝમેન્ટમાં કે સે-૨૧ સહિતના શહેરના અન્ય પતંગ બજારોમાં જ ફરતા થઈ ગયા હતા. આ સાથે કચેરીઓમાં ઉંધ્યું કયાં સસ્તું અને સારું મળશે તથા દોરી લેવા માટે કયાં જવું જેવા સવાલ જવાબની આપ-લે જ વધુ સંભળાતી હતી. ઉત્તરાયણના તહેવારને પગલે કર્મચારીઓ કે અધિકારીઓ કામ કરવાના મુડમાં નહોતાં જણાયાં અને મોટા ભાગની કચેરીઓમાં કામમાં 'ઢીલ' મુકવામાં આવેલી સ્પષ્ટ જણાતી હતી.

આયુર્વેદિક પ્રક્રિયા પંચકર્મ દરમિયાન નાડી સ્વેદથી થતા દુઃખાવામાં થતા લાભમાં વપરાતા સ્પેશિયલ કૂકરનો લાભ સે-૨૨ના દર્દીઓને મળી રહે તે માટે વિક્રમસિંહ પરમાર દ્વારા સરકારી આયુર્વેદ હોસ્પિટલ સે-૨૨ના દર્દીઓને પંચકર્મ કૂકર આપવામાં આવ્યું હતું.

આખું વર્ષ અળખામણી હોવાનો અનુભવ કરતી અગાસી ઉત્તરાયણ પર્વે એકદમ સજીધજીને તૈયાર થઈ જાય છે. પાપડ કે કાતરી સૂકવવા વર્ષે દહાડે ચાર પાંચ વખત થોડાક કલાકો કામ આવતી અગાસીની ઉત્તરાયણ પર્વે બોલબાલા વધી જાય છે. વળી જે અગાસીની આસપાસ ઘણી વસ્તી હોય અને ખૂબ બધા પતંગ ઉડતા હોય તે તો એકાદ-બે દિવસ પૂરતું વીઆઈપી સ્ટેટસ ભોગવે છે. સામાન્ય દિવસોમાં સુમસામ રહેતી અગાસી ઉત્તરાયણ પ્રવે એકમદ કોલાહલભરી બની જાય છે. વર્ષ દરમિયાન મોટા ભાગે ધૂળભરી રહેતી અગાસીઓને ઉત્તરાયણ પર્વે ધોઈને સાફ સુથરી કરવામાં આવે છે. શહેરના ઘણા સેકટરોમાં ઉત્તરાયણના અગલા દિવસે ધાબા-અગાસીની સાફસફાઈ થતી હોય તેવા દંશ્યો જોવા મળ્યા હતાં.

અડાલજ પાસેથી રીક્ષાની ઉઠાંતરી

ગાંધીનગર શહેર નજીક અડાલજ ખાતે રીક્ષા લઈને મુસાફરને ઉતારવા માટે આવેલ રીક્ષાચાલક જમવા માટે ઢાબા ગયો હતો. તે સમયે રીક્ષા ચાલકની રીક્ષાની ગણતરીની મિનીટોમાં ઉઠાંતરી થવા પામી હતી. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે રૂ.૧.૨૫ હજારની રીક્ષાની ચોરી ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળથી વિગત મુજબ અમદાવાદના સૈજપુર બોઘા ચુનારાવાસ નં.૧ ખાતે રહેતા દલસુખ ચંદુભાઈ ચુનારા ઉં.વ.૫૪ રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ પોતાના ભાઈના સાળાની રીક્ષા ભાડે ચલાવે છે. ત્યારે તેઓ ગતરોજ રીક્ષા નં.જી.જે.૨૭. ડબલ્યુ-૩૩૯૬ લઈને ઈન્દ્રીરા બ્રિજથી અડાલજ મુસાફરને બેસાડીને આવ્યા હતા. અડાલજ ખાતે મુસાફરની ઉતારી દીધા બાદ અડાલજ કોબા માર્ગ પર પોર ગામના કટ પાસે આવેલ ઢાબામાં રીક્ષા ચાલક જમવા માટે ગયા હતા. રીક્ષા સાઈડમાં મુકીને જમવા માટે ગયેલા રીક્ષા ચાલક જમી પરવારીને નીકળતા જોયું તો પોતાની રીક્ષા ન હતી. રીક્ષા ચોરી થયાની જાણ થતા જ તેમણે તાત્કાલીક રીક્ષા માલિકને જાણ કરી હતી. બનાવ અંગે આસપાસના રીક્ષાની શોધખોળ કરવા છતા ન મળતા આખરે અડાલજ પોલીસ મથકે રૂ.૧.૨૫ લાખની રીક્ષા ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

સરસ્વતી વિદ્યાલય ખાતે યુવા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં 'સ્વામી વિવેકાનંદ જયંતિ'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે સ્વામી વિવેકાનંદની છબીને ફૂલહાર કર્યા હતા. ત્યારબાદ સ્વામી વિવેકાનંદના જીવન પરિચય વિશે વિદ્યાર્થીઓએ પોતાનું વકતવ્ય આપ્યું હતું. આ ઉપરાંત સ્વામી વિવેકાનંદના બાળપણના પ્રસંગોને આવરી લેતા નાટકો પણ વિદ્યાર્થીઓએ તૈયાર કર્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના શિક્ષિકા મધુબેન લેઉવાએ સ્વામી વિવેકાનંદના ગુણો જેવા ગુણો બાળકોમાં પણ વિકસે તેમજ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવાનું પોતાના વકતવ્યમાં જણાવીને આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષિકા પારૂલબેન તેમજ કલ્પનાબેને કર્યું હતું.

સેકટર-૨૧ એસઆરપી કોન્સ્ટેબલના ઘરે ચોરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં તસ્કરો બેફામ બની ગયા છે. બંધ મકાનને ટાર્ગેટ કરી તસ્કરો પોતાની કળા કરી જાય છે. ત્યારે શહેરમાં મકાન બંધ કરીને જતા વસાહતીઓ પણ ડર અનુભવી રહ્યા છે. શહેરમાં સલામતીની પરિસ્થિતિ કથળતી જતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૨૧ ખાતે એસઆરપી જવાનના ઘરને ધોળે દિવસે ટાર્ગેટ કરી ચોરીની ઘટના સામે આવી છે. મકાનના બે બારણાવાળા દરવાજાને જોરથી ધક્કો મારી હેન્ડલ નીકળી જતા ઘરમાં ઘુસેલા તસ્કરોએ રોકડા રૂ.૫ હજારને અને ચાંદીના દાગીના મળીને કુલ રૂ.૨૫ હજારની મત્તાની ચોરી થવા પામી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૧ છ ટાઈપ બ્લોક નં.૫૯૮-૨ ખાતે રહેતા પ્રવિણસિંહ જોરૂભા ગોહિલ એસઆરપી માં આર્મ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. અને હાલ તેઓની નોકરી રાજભવન ખાતે છે. રવિવારના રોજ બપોરના ૧૨ વાગ્યાના અરસામાં નોકરી પૂર્ણ કર્યા બાદ પત્ની અને પુત્રને અમદાવાદ ખાતે મુકવા માટે ગયા હતા. સાંજે તેઓ પરત ફર્યા બાદ ઘરમાં ચોરી થઈ હોવાનું માલુમ થયું હતું. તેઓએ ઘરમાં અંદર જઈને તપાસ કરતા ઘરમા રહેલી તિજોરીનું લોક તુટેલી હાલતમાં હતુ અને તમામ સામાન વેર-વિખેર હાલતમાં હતો. પ્રવિણસિંહે ઘરમાં તપાસ કરતા ચાંદીનો સિક્કો, પુત્રની કડલી સાંકળા, પોચી, કેડકંદોરા, ઝુડો મળી કુલ રૂ.૨૦ હજારના ચાંદીના દાગીના તેમજ રૂ.૫ હજાર રોકડા ગાયબ હતા. બનાવ અંગે મકાનમાલિકે જાણ કરતા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સે-૧૩ ઝૂંપડપટ્ટીના રહેવાસી તથા સરકારી શાળામાં અભ્યાસ કરતા ૩૦ બાળકોને ઉત્તરાયણ નિમિત્તે પતંગ અને ચીક્કીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો અને કાર્યકરો સાથે ભૂતપૂર્વ હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં ટાઉનહોલ ખાતે કિશોર ઈન્સ્ટીટ્યુટના સફળતાપૂર્વક ૨૦માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે ધો.૧૦ના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસમાં પ્રગતિ માટે માર્ગદર્શન આપવા કેરિયર ગાઈડન્સ સેમિનારનું આયોજન કર્યુ હતુ. આ સેમીનારમાં ગાંધીનગર અને સમગ્ર ગુજરાતમાંથી વિશાળ સંખ્યામાં મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા. મેડીકલ, પેરામેડીકલ, એન્જીનીયરીંગ, વિજ્ઞાન, આઈ.આઈ.ટી. જેવા અભ્યાસક્રમોની વિસ્તૃત સમજ પુરી પાડી તેમાં કિશોર ઈન્સ્ટીટ્યૂટના યોગદાન વિષે સમજ આપી હતી.

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ દ્વારા ફર્સ્ટ એઈડ તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ દ્વારા 'ફર્સ્ટ એડ ટ્રેઈનીંગ કેમ્પ'નું આયોજન ચૌધરી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ. દ્વારા ભીમપુરા ગામે (તાલુકો માણસા) ખાતે કરાયું હતું. જેમાં ૪૬ વિદ્યાર્થીનીઓને ૩ કલાક ટ્રેનીંગ અપાઈ હતી.

આ 'ફર્સ્ટ એઈડ' ની અગત્યની ટ્રેનીંગ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના રાજયશાખાના મહિલા ટ્રેઈનર તરનાબેન ગોસલીયા દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કોલેજના એનએસએસના પ્રો. એન.કે. પટેલ તથા તેમની ટીમ, જિલ્લાના રેડક્રોસના જીલુભા ધાંધલ, અશ્વિનભાઈ દવે, નિલેન્દુ વોરા, જી.કે. ત્રિવેદી, ભૂપેન્દ્રભાઈ મહેતા તથા માણસા રોડક્રોસ બ્રાન્ચના દિનેશભાઈ વ્યાસ, મનોજભાઈ પટેલ, સેક્રેટરી મોતીલાલ પુરોહિત, જોઈન્ટ સેક્રેટરી હિતેષભાઈ જાની વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા આયોજિત 'ગોળ-પાપડી' નાટક ભજવાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે શનિવારની રાત્રે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ આયોજિત અને ફ્રેન્ડસ થીએટર ગ્રૂપ નિર્મિત પ્રેક્ષકોને ખડખડાટ હસાવતું કોમેડી નાટક 'ગોળ-પાપડી' યોજાયું હતું. આ નાટકને માણવા શિયાળાની કડકડતી ઠંડીમાં પણ સંસ્થાના સભ્યોએ મોટી સંખ્યામાં પરિવાર સાથે ઉપસ્થિત રહી તેને આનંદપૂર્વક માણ્યું હતું.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નાટકના પ્રારંભે શહેરમાં તાજેતરમાં અકાળે અવસાન પામેલા નામી દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિના ભાગરૂપે બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના અગ્રણીઓ હેમરાજ પાડલિયા અને ડૉ. પ્રદીપ ગગલાણીએ પ્રસંગોચિત વકતવ્યો પ્રસ્તુત કર્યા હતા. સંસ્થાના સ્વયંસેવક નરેન્દ્રભાઈ મંડેર સરકારી નોકરીમાંથી સેવા નિવૃત્ત થયાં હોવાથી તેમનું આ તબક્કે લાલભાઈ હેરમાના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભૂપેન્દ્ર ગજજર, લક્ષ્મણ કંસારા, હરીશ પાલા, જયંતિભાઈ વઘાસીયા જી.કે. ત્રિવેદી, નિલેન્દુભાઈ વોરાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતિયાએ કર્યું હતું.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

છપાક
૯.૦૦, ૧૧.૪૫, ૧૨.૫૫, ૨.૩૦, ૩.૩૫, ૫.૧૫, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

તાન્હાજીઃધ અનસંગ વોરિયર
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

દરબાર (હિન્દી) - ૩.૫૫

ગુડ ન્યુઝ
૧૦.૨૦, ૩.૦૦, ૭.૧૦, ૧૦.૦૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૧.૧૫

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

છપાક
૧૦.૩૫, ૧૨.૨૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫

તાન્હાજીઃધ અનસંગ વોરિયર
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૩૦

દરબાર (હિન્દી) - ૪.૦૦

ગુડ ન્યુઝ
૯.૩૫, ૧.૧૦, ૫.૪૦, ૧૦.૩૦

સિટી પલ્સ, કુડાસણ

તાન્હાજી
૧૧.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૪.૪૫, ૭.૦૦, ૯.૪૫, ૧૦.૦૦

છપાક
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૯.૩૦

દરબાર (હિન્દી)
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ગુડ ન્યુઝ
૨.૩૦, ૭.૧૫, ૯.૪૫

ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૧૧.૩૦

હેલ્લારો (ગુજરાતી)
૫.૦૦

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

છપાક
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૯.૪૫, ૧૦.૪૫

તાન્હાજી
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

દરબાર (હિન્દી)
૯.૧૫, ૩.૩૦

ગુડ ન્યુઝ - ૧૨.૩૦, ૬.૪૫

@ગાંધીનગર

● લિંબચ માતાજી મંદિર સે-૧૩ ખાતે સવારે ૬ થી ૭.૧૫ દરમિયાન યોગ તાલીમ શિબિર યોજાશે.

રક્તદાન મહાદાન

દુઃખદ અવસાન

પ્રભુદાસ પિતાબંરદાસ ઠક્કર મોટી મજેઠીવાળાના ધર્મપત્ની તેમજ કીર્તીભાઈ બી ઠક્કરના સાસુજી મધુબેન પી ઠક્કરનુ અવસાન થયુ છે. તેમનુ બેસણુ તા ૧૬ જાન્યુઆરીના રોજ બ્લોક બી ૪૦૩ શ્રી રંગ નિવાસ સીટી -૨ સરગાસણ ખાતે સવારે ૯ થી ૧૧ દરમિયાન રાખવામાં આવ્યો છે.

ચિરવિદાય

● સ્વ. પટેલ શકરીબેન બેચરભાઈ, ઉ.વ. ૭૫
● સ્વ. રાવલ મીનાક્ષીબેન નવીનચંદ્ર, ઉ.વ. ૮૦
● સ્વ. દરજી દુર્ગાબેન કનુભાઈ, ઉ.વ. ૬૭
● સ્વ. મીસ્ત્રી ભાવનાબેન રમેશભાઈ, ઉ.વ. ૪૯
● સ્વ. ઠાકોર નરેશભાઈ મફાજી, ઉ.વ. ૩૮
● સ્વ. રાજપુત હરીશચંદ્રસિંહ રામજગસિંહ, ઉ.વ. ૫૯
● સ્વ. વાઘેલા રજુજી વરવાજી, ઉ.વ. ૭૫